# શ્રી ગણપતિ

(Shri Ganapati - Gujarati)

---

# ગ્રંથનું મનોગત

એકાદ દેવતા વિશે આપણને અધ્યાત્મશાસ્ત્રીય જ્ઞાન (માહિતી) જો સમજાય, તો તે દેવતા વિશે આપણી શ્રદ્ધા અધિક થવામાં સહાયતા થાય છે. શ્રદ્ધાને કારણે સહજ રીતે ઉપાસના ભાવપૂર્ણ થવામાં સહાયતા થાય છે અને ભાવપૂર્ણ ઉપાસના વધારે ફળદાયી હોય છે. આ દૃષ્ટિએ આ ગ્રંથમાં શ્રી ગણપતિના સંદર્ભમાં સર્વસામાન્ય રીતે અન્યત્ર ક્યાંયે જોવા ન મળે એવું; પણ ઉપયુક્ત એવું અધ્યાત્મશાસ્ત્રીય જ્ઞાન (માહિતી) આપવા પર ભાર મૂક્યો છે.

શ્રી ગણપતિનાં પ્રમુખ નામોનો ભાવાર્થ; દેવોની પ્રકાશભાષા અને માનવોની નાદભાષાનું એકમેકમાં રૂપાંતર કરનારા, પ્રાણશક્તિ વધારનારા ઇત્યાદિ ગણપતિનાં કાર્યો અને વિશિષ્ટતાઓ; જમણી અને ડાબી સૂંઢના ગણપતિનું મહત્ત્વ; ગણપતિને દૂર્વા અને લાલ ફૂલો શા માટે ચડાવાય છે; દૂર્વાની લંબાઈ, સંખ્યા અને અર્પણ કરવાની પદ્ધતિ; ચતુર્થી અને ચંદ્રનો સંબંધ; તેમજ સાર્વજનિક ગણેશોત્સવનું હમણાનું વિદારક સ્વરૂપ જોતાં 'તે કેવો ન હોવો જોઈએ અને કેવો હોવો જોઈએ' ઇત્યાદિનું વિવેચન આ ગ્રંથમાં ટૂંકમાં કર્યું છે.

શ્રી ગણપતિ વિશેનું આ અધ્યાત્મશાસ્ત્રીય જ્ઞાન ગણેશભક્તોને અને ગણપતિની સાંપ્રદાયિક સાધના કરનારાઓ માટે નિશ્ચિત જ ઉપયુક્ત પુરવાર થશે; પરંતુ સર્વસામાન્ય વ્યક્તિએ આ સંદર્ભમાં આગળ આપેલો નિયમ ધ્યાનમાં રાખવો. રામાયણ વાંચ્યા પછી શ્રીરામની, ગણેશપુરાણ અથવા શ્રી ગણપતિ અથર્વશીર્ષ વાંચ્યા પછી શ્રી ગણપતિની અને દેવીમાહાત્મ્ય વાંચ્યા પછી દેવીની ઉપાસના કરવી, એવું કેટલાક લોકોને લાગે છે. તેવી જ રીતે આ ગ્રંથમાંનું જ્ઞાન વાંચીને 'આપણે પણ શ્રી ગણપતિની ઉપાસના કરવી', એવું કેટલાક લોકોને લાગવાની શક્યતા છે. આવી વ્યક્તિઓએ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે, આવા પ્રકારની ઉપાસનાથી બધાની જ આધ્યાત્મિક ઉન્નતિ વહેલી થતી નથી; કારણકે ગણપતિ ઇત્યાદિની ઉપાસના કરવી જો તેમના માટે આવશ્યક હોય, તો જ તે ઉપાસનાનો વધારે લાભ થાય છે, નહીંતર પછી પુષ્કળ સમય સાધના કરવા છતાં પણ ઘણી ઓછી પ્રગતિ થાય છે. 'ગણપતિની ઉપાસના એ આગળના તબક્કાની ઉપાસના છે અને તે કરવી આવશ્યક છે કે નથી', એ સર્વસામાન્ય વ્યક્તિને સમજાતું નથી, જ્યારે અધ્યાત્મની દૃષ્ટિએ ઉન્નત રહેલા જ તે કહી શકે છે; તેથી સર્વસામાન્ય વ્યક્તિએ કેવળ જ્ઞાન તરીકે જ આ ગ્રંથ વાંચવો. સાધના વિશે અનુભૂતિ થવાની દૃષ્ટિએ સાધનાના પ્રથમ સોપાન તરીકે પોતાના કુળદેવતાના નામનો 'શ્રી ... (કુળદેવી/કુળદેવના નામનો ચતુર્થીનો પ્રત્યય)... નમ: ।' આ પદ્ધતિથી (ઉદા. કુળદેવી શ્રી ભવાનીદેવી હોય તો, 'શ્રી ભવાનીદેવ્યૈ નમ: ।' આ રીતે) નામજપ કરવો. આગળ ગુરુ જો ગણપતિનો નામજપ કરવાનું કહે, તો તે સમયે સદર જ્ઞાનનો ઉપયોગ ગણપતિ પરની શ્રદ્ધા વધવા માટે થશે. અન્યોને આ ગ્રંથમાંનું જ્ઞાન વાંચીને 'ગણપતિ વિશે કાંઈક નવું

સમજાયું', એવું જણાશે.

આ ગ્રંથ વાંચીને ગણપતિના ઉપાસકોની ગણપતિ પરની શ્રદ્ધા દૃઢ થાય અને તેમને અધિક સાધના કરવાની પ્રેરણા મળે, એ જ શ્રી ગુરુચરણોમાં પ્રાર્થના. - **સંકલક**

(શ્રી ગણપતિ દેવતા અને તેમની ઉપાસના કરવાના સંદર્ભમાંની પ્રત્યેક વાતનું બુદ્ધિને પેલેપાર રહેલી શાસ્ત્રીય કારણમીમાંસા કરનારું 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવું જ્ઞાન સનાતનનાં શ્રી ગણપતિ વિશે ગહન અધ્યાત્મશાસ્ત્રીય જ્ઞાન રહેલા ગ્રંથોમાં આપ્યું છે.)

---

# અનુક્રમણિકા

(કેટલાક વિશિષ્ટતાપૂર્ણ સૂત્રો [મુદ્દાઓ] '*' ચિહ્નથી દર્શાવ્યાં છે.)


| | | |
|---|---|---|
| **૧. વ્યુત્પત્તિ અને અર્થ** | | **૨૨** |
| **૨. શ્રી ગણપતિનાં કેટલાંક નામો અને તેમનો અર્થ** | | **૨૨** |
| **૩. મહાગણપતિ** | | **૨૬** |
| **૪. વ્યાપ્તિ** | | **૨૭** |
| **૫. મહત્ત્વ** | | **૨૭** |
| * કોઈપણ કાર્યમાં પ્રથમ શ્રી ગણપતિપૂજન શા માટે કરાય છે ? | | ૨૭ |
| **૬. કાર્ય અને વિશિષ્ટતાઓ** | | **૨૭** |
| * પ્રાણશક્તિ વધારનારા | | ૨૭ |
| * નાદભાષા અને પ્રકાશભાષાનું એકમેકમાં રૂપાંતર કરનારા | | ૨૮ |
| **૭. યુગો અનુસાર અવતાર** | | **૩૦** |
| * મહોત્કટ-વિનાયક | * ગુણેશ | ૩૦ |
| * ગજાનન | * ધૂમ્રકેતુ | ૩૦ |
| **૮. પરિવાર અને તેનો ભાવાર્થ** | | **૩૧** |
| * કુટુંબીજનો | * વાહન | ૩૧ |
| **૯. સનાતન-નિર્મિત શ્રી ગણપતિનું સાત્ત્વિક 'ચિત્ર' અને 'નામ-પટ્ટી'** | | **૩૧** |
| **૧૦. મૂર્તિવિજ્ઞાન** | | ૩૬ |
| * મૂર્તિના વિવિધ ભાગોનો ભાવાર્થ | | ૩૭ |

* સનાતન સંસ્થા-નિર્મિત સાત્ત્વિક 'શ્રી ગણેશમૂર્તિ', તેની વિશિષ્ટતાઓ અને લાભ ૩૯

**૧૧. ભૂતલ પરનાં સ્થાનો (સ્વયંભૂ ગણપતિ) અને ભારતમાં રહેલા પ્રસિદ્ધ ગણપતિ** ૫૧

**૧૨. ઉપાસના** **૫૩**

* શ્રી ગણેશપૂજા માટે વાપરવામાં આવતી વિશિષ્ટ વસ્તુઓ ૫૬
* દૂર્વા * શમીનાં પાંદડાં ૫૬
* મંદારના પાંદડા * લાલ રંગની વસ્તુઓ ૫૯
* મોદક * ખીરનો નૈવેદ્ય ૬૨
* ચતુર્થી - ઇતિહાસ, મહત્ત્વ અને પ્રકાર ૬૩
* શ્રી ગણેશ ચતુર્થી ૬૬
  * પૂર્વપૂજાવિધિ * મધ્યપૂજાવિધિ ૭૧
  * ઉત્તરપૂજા (ઉત્તર આવાહન) * વિસર્જન ૭૬
  * મૂર્તિ અને પૂજામાંના નિર્માલ્યનું વહેતા પાણીમાં વિસર્જન કરવા પાછળનું શાસ્ત્ર ૭૭

**૧૩. સંપ્રદાય અને કેટલાંક શ્રેષ્ઠ ગણેશભક્ત** ૯૫

**૧૪. શ્રી ગણપતિ અને અન્ય** ૯૭

**૧૫. શ્રી ગણપતિના સંદર્ભમાં થયેલી અનુભૂતિઓ** ૯૮

**૧૬. સાર્વજનિક શ્રી ગણેશોત્સવ : કેવો ન હોવો અને કેવો હોવો જોઈએ ?** ૯૮